## જન્મદિને વધામણી



સૂર્યસિંહ ડાભી
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬



મેહુલભાઈ દોશી
પ્રમુખ, જૈન સોશિયલ ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૭૩૮૨



વિનોદચંદ્ર મણિલાલ પટેલ
ફોન : ૨૩૨૨૫૦૧૦
મો. ૯૩૭૬૮ ૧૦૪૯૮



શૈલેષભાઈ એમ અલસીકા
પ્યુન, મુખ્ય પ્રધાન કાર્યાલય
મો. ૯૯૭૮૪ ૦૬૦૫૯



કૃપાલી એચ વાઘેલા



ક્રિષાની દેવેન્દ્ર શ્રીમાળી

### ઓલ ગુજરાત વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૫માં

# ગાંધીનગરની ટીમને ૮ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝ મેડલ

ગાંધીનગર, તા. ૩

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે એસોસિએશન દ્વારા તાજેતરમાં ઓલ ગુજરાત વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું પોરબંદર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતના ચુનંદા ૩૮૫ જેટલા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગર ઉપરાંત આણંદ, પોરબંદર, ભાવનગર, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ અને અમદાવાદ જીલ્લાની ટીમોએ ભાગ લીધો હતો.

આ કરાટે સ્પર્ધામાં અલગ અલગ વય જુથ મુજબ વિવિધ કેટેગરીમાં ૫૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના કૌશલ્યનું પ્રદર્શન કર્યુ હતું. પોરબંદર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમે ૮ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝ મેડલ સાથે તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની વિવિધ શાળાઓમાં વાડોકાઈ કરાટે એકેડમી દ્વારા કરાટેનું પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.



સ્પર્ધામાં પૂન્ય ઠક્કર, પ્રશિલ પટેલ, અભિજીત નાયર, તીર્થ પટેલ, કુ. અનેરી પટેલ, કુ.તાન્યા પઠાણ,કુ. ફેની કટારીયા તથા કુ. ધીમહી જેતાવતે ગોલ્ડ મેડલ મેળવેલ છે. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટ એસોસિએશનના ટેકનિકલ ડાયરેક્ટર શ્રી અરવિંદભાઈ રાણા, માનદ્ ચેરમેન શ્રી જગતભાઈ કારાણી તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

આ સ્પર્ધામાં કોચ તરીકે શ્રી ગૌરાંગભાઈ રાણાએ સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં રેફરી તરીકે શ્રી યોગેશ વિશ્વકર્મા, શ્રી હનુ પરમાર, શ્રી દર્શન સુથાર, શ્રી સુરેન્દ્ર વાઘેલા તથા શ્રી સુરજ ત્રિપાઠીએ સેવાઓ આપી હતી.

# ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે બે દિવસીય કલ્ચરલ મીટનો આરંભ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના પાદરે કાર્યરત ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે બિ દિવસીય કલ્ચરલ મીટનો આજથી આરંભ કરવામાં આવ્યો છે.



જી બી પંત સોશિયલ સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ અને જીએનએલયુના સંયુક્ત ઉપક્રમે ટાટા ટ્રસ્ટ, મુંબાઈ અનુદાનિત 'માઈગ્રેશન ઍન્ડ કલ્ચરલ ટ્રેડીશન્સ ઑફ ભોજપુરી રિઝન : એ રિસર્ચ ઍન્ડ ડૉક્યુમૅન્ટેશન પ્રોગ્રામ' અંતર્ગત આયોજિત આ મીટનું થીમ છે : 'લોકધ્વનિ : માઈગ્રન્ટ લિટરેચર કલ્ચર ઍન્ડ સોસાયટી : એ ડિસ્કોર્સ ઑન હોમલૅન્ડ ઍન્ડ ડૅસ્ટીનેશન'.

પ્રૉ. રઘુવીર ચૌધરીના હસ્તે આજે આ મીટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેમણે ઉદ્ઘાટન સત્રને સંબોધિત પણ કર્યું હતું. પ્રૉ. ઍન જયારામ, પ્રૉ. બદ્રી નારાયણ, પ્રૉ. બિશ્વરૂપ દાસ, પ્રૉ. લીલા વિસારીયા, રોહિત પ્રજાપતિ, તદ્ભવના તંત્રી અખિલેશ, ડૉ. શ્રીરામ ત્રિપાઠી, ડૉ. જિલેદાર સિંહ જેવા નિષ્ણાતો આ મીટ અંતર્ગત સંબોધન કરશે. પ્રથમ દિવસે આ મીટ બે સૅશનમાં યોજાઈ હતી : 'માઈગ્રેશન ઍન્ડ ફોર્મેશન ઑફ કમ્યુનિટીઝ ઈન ડૅસ્ટીનેશન' અને 'લિટરરી ઍન્ડ કલ્ચરલ રિફ્લેક્શન્સ ઑફ માઈગ્રન્ટ્સ લાઈફ'. આ સાથે જ ગ્રામીણ કવિઓ દ્વારા હિન્દી અને ગુજરાતીમાં કાવ્ય પઠનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સોમવારે આ મીટ અંતર્ગત પ્રથમ સૅશન 'ટ્રેડીશનલ કલ્ચર ઍન્ડ ઈન્ટેલૅક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સ' આધારિત છે. બીજું સૅશન છે : 'એ કલ્ચરલ ઈન્ટરફેસ : ફોક પર્ફોર્મન્સીસ ઑફ હોમલૅન્ડ ઍન્ડ ડૅસ્ટીનેશન ઈન માઈગ્રન્ટ હૅબીટાટ'. સોમવારે ખ્યાત બિરહા ગાયક મન્નુ યાદવ, તારકેશ્વર મિશ્રા 'રાહી', પ્રિયંકા સિંહ, કૈલાસ નાથ મિશ્રા, રામાનુજ પાઠક, શ્યામ પ્રકાશ અને સ્થાનિક કલ્ચરલ ગ્રુપ્સ દ્વારા ફોક પર્ફોર્મન્સ પણ પ્રસ્તુત કરવામાં આવશે.

# આર. સી. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ વિશિષ્ટ બાળકોને વિશેષ આનંદ પીરસ્યો

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કડી કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.સી. પટેલ સ્કૂલના એન.એસ.એસ. યુનિટની પ્રવૃત્તિના ભાગરૂપે જતા વર્ષને વિદાય આપવા સરગાસણ સ્થિત માનવસ્મૃતિ મંદિરના માનસિક વિશિષ્ટ બાળકો સાથે ત્રણ કલાક જેટલો સમય વીતાવ્યો હતો. આ ગાળા દરમિયાન તેમણે મનોરંજક કાર્યક્રમો રજૂ કરી તેમની સાથે આનંદ વ્યક્ત કર્યો હતો. જવાબદાર વડીલ બની તેમની સાથે લીંબુ-ચમચી, સંગીત-ખુરશી જેવી રમતો રમી હતી તો તેમના સહભાગી બનીને નૃત્ય પણ કર્યા હતા.

સમાજના પ્રવાહમાં તેઓ અલિપ્ત ન રહે તે માટે તેમની પાસે પણ વિવિધ મનોરંજક અને બોધપ્રદાન પ્રવૃત્તિ કરાવવાની કોશિષ કરી હતી. શાળાના બાળકોએ પોતાના પોકેટમનીમાંથી બચાવેલા અમૂલ્ય રૂપિયા બે હજારની આવા બાળકોની જરૂરિયાત માટે સહાય કરી હતી. સંજય ત્રિવેદી, રૂચાબેન જાની અને બટુકભાઈએ ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આઈક્યુ પાવર થોડો ઓછો પણ જવાબદારીથી વિમુખ બનેલા આવા લોકોને સમાજની લાગણીની જરૂર હોય છે તેવું સંચાલક અને રૂચાબેને જણાવ્યુ હતુ. વિવિધ રમતોમાં વિજેતા બનનારને ઈનામ પણ આપવામાં આવ્યા હતા. શાળા પરિવારે આ સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી.

# માણેકબા ગૌશાળા અડાલજમાં 'કાંકરેજ ગાય આપણા આંગણે'

ગાંધીનગર, તા. ૩

''કાંકરેજ ગાય આપણે આંગણે'' શ્રી મનસુખભાઈ સુવાગીયા અને જળક્રાંતિ ટ્રસ્ટ દ્વારા અંબાજીથી કોટેશ્વર કચ્છ સુધી યાત્રા યોજાનાર છે. જેના અનુસંધાને તા. ૬ જાન્યુઆરી બપોરે અઢી વાગે માણેકબા ગૌશાળા સરખેજ, ગાંધીનગર હાઈવે અડાલજ ખાતે રોકાણ કરી કાંકરેજ ગાય ક્રાંતિ વિષે કિસાનો, ગોપાલકો, ગૌરક્ષકો, રાષ્ટ્રસેવકો, સાધુ-સંતો, જીવદયાપ્રેમીઓને માર્ગદર્શન તથા માહિતી આપવામાં આવશે.

યાત્રાનો મુખ્ય ધ્યેય કાંકરેજ ગાય દૈનિક ૧૨ થી ૨૫ લીટર દૂધ આપે તેવું નિર્માણ કચ્છ ગૌસેવા, ગાયનું દૂધ-ઘી-છાસ, છાણ, ગૌમુત્રથી ગાય આધારિત કૃષિ તથા તેના ઉપયોગી અર્થે યાત્રાનો મહાસંકલ્પ સાથે નીકળેલ છે.

આ કાર્યક્રમમાં સુશ્રી મોના ખંધાર સચિવ ગૌસંવધન વિભાગ, શ્રી વિદ્યુતભાઈ જોશી પત્રકાર, અમદાવાદ, વૈદ્ય ધર્મેન્દ્રભાઈ પટેલ એમ.ડી. આયુર્વેદ પ્રેરક પ્રવચનો આપશે. મુખ્ય મહેમાન પદે શ્રી શૌભાગ્યચંદ શાહ ટ્રસ્ટ માણેકબા વિદ્યા વિહાર ગૌશાળા, શ્રી ફુલજીભાઈ પટેલ નિયામકશ્રી, માણેકબા વિદ્યાવિહાર ગૌશાળા, શ્રી સુરેખાબેન ચૌધરી આચાર્ય પી.ટી.સી. કોલેજ, ડૉ. પોષકભાઈ પટેલ, રજિસ્ટ્રાર ગુજરાત વેટનરી કાઉન્સીલ, શ્રી રમેશભાઈ પટેલ પોર ફ્લોટેક પંપ ડિસ્ટ્રીબ્યુટર ઉપસ્થિત રહેશે. આ અંગે વધુ માહિતી માટે શ્રી બિપીનભાઈ શાહ, શ્રી હસમુખભાઈ પટેલનો મો. નં. ૯૬૦૧૩-૪૯૬૨૫, ૯૯૨૫૨-૩૪૭૭૯ પર સંપર્ક સાધવા જણાવેલ છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૦૦
પોઈન્ટ બ્રેક (૩ડી અંગ્રેજી)
૪.૪૫
સ્ટાર વૉર્સ (૩ડી અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૨.૪૫
હુ તુ તુ તુ
૧૦.૦૦, ૪.૦૦, ૯.૩૦
છેલ્લો દિવસ
૬.૩૦

**સ્ક્રીન-૫**
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦, ૧૨.૪૫
દિલવાલે
૪.૦૦, ૧૦.૦૦

## 'મારાં અનુભવો, મારું સર્જન' વિષયે વિનેશ અંતાણીનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૩

અમદાવાદ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા નિયમિત રીતે કલા, સાહિત્ય, વિજ્ઞાન, વાણિજ્ય જેવા વિષયોને લગતાં વ્યાખ્યાન યોજાય છે. જેના ભાગરૂપે ગુજરાતી સાહિત્યના જાણીતા નવલકથાકાર, વાર્તાસર્જક અને નિબંધકાર વિનેશ અંતાણીના 'મારા અનુભવો, મારુ સર્જન' વિશે વ્યાખ્યાનનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યુ હતું.

વિનેશ અંતાણીએ તેમની આકાશવાણીની કારકિર્દી દરમિયાન વિવિધ સ્થળોએ જે ફરજ બજાવવાની આવી તેમાં તેમને ચંદીગઢમાં પંજાબના આતંકવાદ સમયે સ્ટેશન ડિરેક્ટર તરીકેની જવાબદારી સંભાળવી પડેલી. તે વખતના અનુભવો પણ તેમણે કહ્યા હતાં. આકાશવાણીના ૨૦ વર્ષના સમયગાળાના આનુભવો, મુંબઈ નિવાસ, નખત્રાણાનું બાળપણ, દેશી રંગભૂમિના નાટકો અને ભવાઈના અનુભવો અને આ સંસ્મરણોનું સાહિત્ય સર્જનમાં થતા રૂપાંતરની વાત તેમણે વિગતે કરી હતી.

# ગુજરાત યુનિવર્સિટી સૅનેટની ૯૪ બેઠકોની ચૂંટણી ૨૮ ફેબ્રુઆરીએ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત યુનિ.માં આખરે સેનેટની ચૂંટણીના વિવાદનો અંત આવી ગયો છે. આખરે ડિસેમ્બરના અંતમાં સેનેટની ચૂંટણી માટે જાહેરનામુ બહાર પાડી દેવામાં આવ્યું છે.

સામાન્ય રીતે ૪૨ કે ૪૫ દિવસ પહેલા જાહેરનામુ બહાર પાડવામાં આવતું હોય છે. પરંતુ યુનિવર્સિટીએ જાહેરનામું બહાર પડયાના ૬૦ દિવસ પછી સેનેટની ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. જાહેરનામા પ્રમાણે હવે તા. ૨૮મી ફેબ્રુઆરીએ સેનેટની ૯૪ જેટલી બેઠકો માટે મતદાન થશે. બાકીના ૨૦ સભ્યોની નિમણૂક નિયમ મુજબ રાજયપાલ દ્વારા અને ૩૨ સભ્યોનાં વિવિધ કેટેગરીમાંથી નોમીનેશન થતાં હોય છે.

રાજયની દરેક યુનિવર્સિટીમાં ધીમે ધીમે સેનેટ અને સિન્ડિકેટનું અસ્તિત્વ ખતમ કરીને તેના સ્થાને બોર્ડ ઓફ ગવર્નન્સની રચના થાય તે દિશામાં કાર્યવાહી શરૂ થઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. આ મુદ્દે વિવાદ ઊભો થતાં શિક્ષણમંત્રી સુધી ફરિયાદો અને રજૂઆતો પહોંચી હતી. આખરે રાજયના શિક્ષણ વિભાગની સૂચનાના આધારે યુનિવર્સિટીએ ફરીવાર સેનેટની ચૂંટણી યોજવાની પ્રક્રિયા શરૂ કરવી પડી હતી. નિયમ પ્રમાણે ૩૧ ડિસેમ્બર પહેલા ચૂંટણીનું જાહેરનામુ બહાર પાડવામાં ન આવે તો સમગ્ર મતદારયાદી નવેસરથી તૈયાર કરવી પડે તેમ હોવાથી આખરે ૩૧ ડિસેમ્બર પહેલાં જ એટલે કે ૩૦મી ડિસેમ્બરે સત્તાવાર રીતે જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું હતું.

તાજેતરમાં બે કૉલેજીસના વિદ્યાર્થીઓનાં નામો મતદાર યાદીમાંથી રદ કરી દેવાયા હોવાની વિગતો બહાર આવતાં કોઈ પણ સંજોગોમાં આ નામો રદ ન કરવાની રજૂઆત ભાજપના હોદ્દેદારો દ્વારા કરવામાં આવી હતી.

યુનિવર્સિટી વર્તુળોમાં એવી ચર્ચા હતી કે કેટલાક વિદ્યાર્થીઓએ કોલેજના પ્રિન્સિપાલને ધમકી આપતાં પ્રિન્સિપાલે નામો રદ કરવાની ભલામણ કરી હતી ને યુનિવર્સિટીના ચૂંટણી વિભાગે નામો રદ કર્યા હતા.

આ મુદ્દે ભાજપના સિન્ડિકેટ સભ્ય સતીશ પટેલે યુનિવર્સિટીમાં રજૂઆત કરી હતી કે, મતદારયાદી સ્વીકારવાની મુદત વિતી ગયા પછી પ્રિન્સિપાલે યાદી રદ કરવાનો પત્ર લખ્યો હતો માટે આ પત્ર કોઈ પણ સંજોગોમાં માન્ય કરી શકાય નહીં.

# માતૃભાષાથી બહાર વ્યક્તિ ખીલી શકતો નથી

ગાંધીનગર, તા. ૩

ગુજરાતી ભાષાને મહારાણી ગુજરાતી વાણી ગણાવનારા કવિ દલપતરામના જન્મદિનને ગુજરાતી ભાષા ગૌરવ દિન તરીકે ઊજવવામાં આવ્યો હતો, જેના ભાગરૂપે ગુજરાત વિશ્વકોષ ભવન ખાતે તાજેતરમાં આચાર્યશ્રી યંશવંત શુક્લ વ્યાખ્યાનમાળા શ્રેણી યોજવામાં આવી હતી. ગુજરાત વિદ્યાસભા અને ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આ વ્યાખ્યાન શ્રેણી યોજાઈ હતી. દલપતરામના જન્મદિને આ વ્યાખ્યાન શ્રેણીની શરૂઆત થઈ હતી. આ પ્રસંગે જાણીતા કટાર લેખક અને વિચારક ગુણવંત શાહે 'માતૃભાષાનું મહિમાગાન' વિષય પર વાત કરતાં જણાવ્યું હતું કે 'માતૃભાષા જાણનારા લોકો અંગ્રેજી ઓછું જાણતા હોય તો લઘુતાગ્રંથિ કેમ અનુભવે છે એ આજે યક્ષ પ્રશ્ન બની ગયો છે. જો હું ધાણીફુટ અંગ્રેજી ન બોલી શકું તો એનો અર્થ એવો બિલકુલ નથી કે, મારો આઈક્યુ ઓછો છે. કોઈ નરસિંહના 'અખિલ બ્રહ્માંડમાં..'નો અંગ્રેજીમાં અનુવાદ કરી જુએ. એમાં નરસિંહ સિવાય કંઈ જ નહીં બચે.ટર્કીના લેખક ડૉ પામુકને કોઈએ કહ્યું કે, જો આપ અંગ્રેજીમાં લખો તો વધુ લોકો સુધી પહોંચી શકો. એવું નહોતું કે તેમને અંગ્રેજી નહોતું આવડતું કે તેઓ અંગ્રેજી નહોતા જાણતા. પણ તેઓ કહે છે કે, 'હું અંગ્રેજીમાં કદી નહીં લખું. કારણ કે, એ વખતે મારું પ્રફુલ્લન અટકી જાય છે. આમ, માતૃભાષાથી બહાર વ્યક્તિ ખીલી શકતો નથી. જીવનમાં સફળતાં કરતાં સાર્થકતાનું વધુ મહત્વ છે. તેથી હું નબળું અગ્રેજી હોય છત્તાં લઘુતાગ્રંથિથી ન અનુભવે એવા વ્યક્તિની શોધમાં છું.'

વિશ્વકોષ ટ્રસ્ટના ટ્રસ્ટિ કુમારપાળ દેસાઈએ વાણી રાણીના કવિ દલપતરામ વિશે વાત કરતાં જણાવ્યું કે, 'કવિ કાન્તે એક વખત કહ્યું હતું કે, જો દલપત રામ ન હોત તો આપણને નર્મદ ન મળ્યા હોત. તેઓ વકતવ્ય પણ પદ્યમાં જ આપતાં. તેઓ આધુનિક વિચારોથી ભરેલાં એવા કવિ હતાં જેમણે સ્ત્રીહૃદય સાથે એકરુપ થઈને સ્ત્રીને એકરુપ થઈને હ્યુમન બીઈંગ તરીકે સ્વીકારતાં.' ગુજરાત વિદ્યા સભાના પ્રમુખ અને વિખ્યાત આર્કિટેક્ટ બી. વી. દોષીએ જણાવ્યું હતું કે, 'કોઈ પણ સ્થળે સ્થાપત્ય ઉભું કરવા માટે ભાષા જાણવી જરૂરી છે, ભાષા જાણવા માટે સાહિત્ય જાણવું અગત્યનું છે. કારણ કે, જે સ્થપતિઓ માતૃભાષા નથી જાણતા અને જે જાણે છે, એમના સ્થાપત્યમાં ફરક પડી જાય છે, માતૃભાષા સ્થપતિને પણ સંવેદનશીલ બનાવે છે.' જ્યારે સુભાષ બ્રહ્મભટ્ટે યશવંત શુક્લનો પરિચય આપતાં કેટલાક અનુભવોનું વર્ણન ઉપસ્થિત પ્રબુદ્ધો સમક્ષ કર્યું હતું.

# 'બેટી બચાવો' સંદેશ સાથે યુવાનોની બાઈક રાઈડ

## ગાંધીનગર-અમદાવાદના બાવન રાઈડર્સ સંદેશ સાથે જેસલમેર પહોંચ્યા




ગાંધીનગરના ઓશન ઓડ્વેન્ચર ગૃપ દ્વારા અમદાવાદના કર્ણાવતી ઓટોમોબાઈલના સહયોગથી 'બેટી બચાવો બુલેટ રાઈડ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ બુલેટ રાઈડમાં ૫૨ રાઈડર્સ જોડાયા છે. જેમાં ૬ મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

અમદાવાદથી સવારે ૫ કલાકે પ્રારંભ થયેલ આ બુલેટ રાઈટ રાજસ્થાનના વિવિધ ગામોમાં બેટી બચાવોનો સંદેશો આપી સાંજે જેસલમરે પહોંચી જવા પામી હતી. રાઈડ દરમિયાન યુવાનોએ એક બેટી બચાવોના સંદેશા વાળુ મોટું બેનર સાથે રાખ્યું છે અને રાજસ્થાનના ગામોમાં થોભીને નાગરિકોને બેટીનું મહત્ત્વ સમજાવી બેટી બચાવવા તથા મહિલા ભ્રૂણ હત્યા બંધ કરવા સમજાવ્યા હતા. આવતીકાલે આ યુવાનો જેસલમેર નજીકના રણ વિસ્તારના ગામ 'સમ'ની મુલાકાત લઈ ત્યાં પણ બેટી બચાવોનો સંદેશ આપશે. આ રાઈડનું સમગ્ર આયોજન ઓસન એડ્વેન્ચર ગૃપના ધર્મદીપસિંહ રાઓલ દ્વારા કરાયું છે. આ રાઈડમાં સામાજિક કર્યકર વનરાજસિંહ જોડાયા છે. જેઓ બેટી બચાવો અંગે ગ્રામજનોને સંદેશ આપવાનું કાર્ય કરે છે સાથે સાથે યુવાનોને પણ પ્રોત્સાહિત કરે છે. સોમવારે સાંજે આ રાઈડર્સ અમદાવાદ ખાતે પરત ફરશે.



# ઑલ ઈન્ડિયા કરાટે સ્પર્ધામાં ફેની કટારિયાને ગોલ્ડ મૅડલ

ગાંધીનગર, તા. ૩

પોરબંદર ખાતે તાજેતરમાં આયોજિત ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે એસોસિએશન દ્વારા રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસ કરતી ફેની કટારીયાએ અન્ડર-૧૪ કૅટેગરીમાં ગોલ્ડ મૅડલ મેળવીને શાળા તથા ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે.



ઉલ્લેખનીય છે કે ઑક્ટોબર-૨૦૧૫માં આયોજિત જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં પણ ફેનીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગોલ્ડ મૅટલ પ્રાપ્ત કર્યો હતો.

ફેનીને તેની આ સિદ્ધિ બદલ કોચ ગૌરાંગ રાણા સહિત સ્કૂલના આચાર્ય, શિક્ષકો, કરાટે એસોસિએશન તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.